# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૩ • સળંગ અંક : ૧૮૯ • તા.૨૨ જાન્યુઆરી થી ૨૮ જાન્યુઆરી ૨૦૨૨

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


KDO SANJIVANI

## શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન મહાજનની
## મેડિકલ સમિતિ સંચાલિત સંજીવની યોજનાના

# નીલમણિ પેટ્રોન દાતાને નમન

Diamond manufacturers,
Exporter’s & Importer’s
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF
Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com
E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

**-: સંપાદક ગણ :-**

**નીશિથ આનંદ દંડ**
**જયંત વસનજી છેડા**
**રાજેન્દ્ર મણિલાલ ખોના**
**પ્રવીણ હંસરાજ લોડાયા**
**કીર્તિકુમાર ધનજી ધરમશી**

**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**
http://www.kdosm.org
Email :
gyatimaiya2018@gmail.com

**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.

## અમારી વાત... સંપાદક સ્થાનેથી

# જીવનના સુખ મળે એ પ્રભુની પ્રસાદી

જીવનમાં સાચું સુખ અને શાંતિ આપણા હૃદયમાંથી જન્મે છે. મનની શાંતિ વગર મળતા સુખચેન અંજપો પેદા કરે છે. સારી દ્રષ્ટિ સાથે સારા ભાવ, સારા વિચારો સાથે પરહિત કલ્યાણની કામના હોય તો દુનિયા બદલાઈ જાય છે. સારી દ્રષ્ટિ કેળવવા ગુણાનુ રાગી બનવું પડે છે. નકારાત્મક વલણ, શંકા, પૂર્વગ્રહ, ઈર્ષા અદેખાઈના ભાવ સાથો સાથ અવિશ્વાસ, જડ માન્યતા દૂર કરવી પડે છે. ભ્રાતૃભાવના કેળવવાથી અન્ય તથા અજાણી વ્યક્તિઓનો પ્રેમ પામી શકાય છે. પ્રેમએ જીવનનું મીઠું અને મોંઘુ અમૃત છે. તે પૈસાથી કદી મળતું નથી. પ્રેમ આપીને પ્રેમ લઈ શકાશે. જીવનમાંથી જેટલો પ્રેમ બીજા માટે ઢોળીશું, વહાવી શું તેટલો તે આપણને સામો પ્રાપ્ત થશે.

સુખ ત્રણ પ્રકારના છે. તન, મન અને ધનનું. માણસ માત્રની ઈચ્છા કે કામના આ ત્રણેય સુખ મળે એ હોય છે. પણ, હકીકતમાં આ ત્રણેય સુખ કોઈને મળતાં નથી. સૌ જણ ધનનું સુખ મળે એની કામના કરે છે. પણ મનમાં શાંતિ નહીં હોય કે તન નિરોગીમય નહીં હોય તો શું સુખ ભોગવવા મળશે? પહેલું સુખ જાતે નર્યા. શરીર સ્વસ્થ, તન તંદુરસ્ત હશે તો જે સુખની ઓછપ હશે તેને પ્રાપ્ત કરવા પુરૂષાર્થ કરી શકાશે માટે તનનું સુખ પ્રથમ પ્રાપ્ત થવું જરૂરી છે. શારીરિક શક્તિનો ઉપયોગ શ્રમ કરવા માટે તેમજ આનંદ પ્રમોદ માટે પણ થઈ શકશે.

એવુંજ મનનું છે. ડગુમગુ વિચલિત મન કોઈ સુખને સુખેથી ભોગવા ન દેશે. શરીર બીમાર હોય તો એકવાર ચાલી જાય. પણ જો મન કમજોર તાકતહીન અને અશાંત હશે તો જીવનમાં ઉત્પાત સર્જી દેશે. જીવનમાં ક્ષમતા અને સ્થિરતા મન દ્વારા મળે છે. મનમાં તૃપ્તિ ન હોય. સંતોષ રોટલાને મીઠો અને મોંઘેરો બનાવી દે છે. જે મળ્યું છે તેને સુખીથી માણવાના ભાવ મન જ પેદા કરે છે. ચંચળવૃતિ ધરાવતું મન પોતે પણ અશાંત રહે છે અને આપણા સમગ્ર જીવનને અશાંત અને ઉપદ્રવી કરે છે.

તન, મન અને ધનના સુખ સાથો સાથ મળે એ માનવી ખરેખર ભાગ્યશાળી ગણાય. ધનથી ભૌતિક વસ્તુઓ, બજારૂ જણ સો તો આસાનીથી ખરીદી શકાય છે. પણ આનંદ અને ખુશી જરૂરી છે. તે વગર જીવન શુષ્ક અને રસવિહીન બની જાય છે. કોઈનો છળ, કપટ કરી પ્રાપ્ત કરેલું ધન કે સંપતિ આખરે અશાંતિ આપે છે અને વિનાશના કારણો સર્જે છે.

તનનું આરોગ્ય મનમાં શાંતિ અને પર્યાય પુરૂષાર્થથી પ્રાપ્ત થયેલું ધન એ પ્રભુ પરમાત્મા દ્વારા મળેલી પ્રસાદી છે. અનહદ કૃપા છે. પોતાને મળેલા સુખ અન્યો માટે વાપરવા એનો આનંદ અઢળક છે. પોતાને પ્રભુકૃપાએ મળેલ સુખ અન્ય માટે ખુશી સર્જે એનો આનંદ અનેરો હોય છે. જે હૃદયમાં સમાતો નથી. માટે તન, મન અને ધનનો ત્રિવિધ સુખની જાળવણી જતનપૂર્વક કરવી.

– જય જ્ઞાતિમૈયા

# સંબંધ-સાસુ વહુનો



નીશિથ દંડ (સેક્રેટરી જનરલ)

'દીકરી જેટલો સમય પોતાની માતા સાથે નથી વિતાવતી એનાથી અનેક ગણો સમય પુત્રવધૂ બનીને સાથે વિતાવે છે.' આ કથન કફોઈ અનુભવી એ કહ્યું છે. અને સો ટકા સાચું, સંપૂર્ણ અને વાસ્તવિકતા દર્શાવે છે. વહુ અને સાસુનો સંબંધ દુનિયામાં સૌથી વધુ ગવાયેલો, ચર્ચાયેલો અને વખોડાયેલો સંબંધ, નાતો છે.

વીસ પચીસ વર્ષ માનો દુલાર પામી આવેલી દીકરી જ્યારે આજ સુધી પાળેલા, જાણેલા વ્યવહાર, સંસ્કાર, રીત રિવાજને વિસારે પાડીને નવી માટીમાં રોપાઈ નવા આચાર વિચારને અપનાવવા સ્વીકારવા પડે છે. જ્યારે નવોઢા બનીને શ્વસુર ગૃહમાં આવે છે ત્યારે તેને વધુ કોઈ સમજી શકે તો તે માત્ર ને માત્ર સાસુ જ છે. કારણ કે જે અમુક વર્ષો અગાઉ જ આ ઘરમાં વહુ બનીને આવી હતી એ આજે ઘરની સર્વે સર્વા બનીને સાસુ તરીકે વ્યવહાર કાજ સંભાળે છે. જે જ્ઞાન અને કેળવણી અભ્યાસ આપે છે એથી અધિક અનુભવ, સહેલાઈથીને સરળતાથી શીખવી શકે છે.

આજની વધુ ભણેલી પુત્રવધૂ જેમ બને તેટલી જલ્દી સાસરા ઘરનો દોર પોતાની રીતે ચલાવવા ઈચ્છે છે. જ્યારે ખરી રીતે નવા ઘરના રીતરિવાજને બરોબર જાણી કરી, આત્મસાત કરી, પરિવારવાળાઓના દિલ-જીતીને સ્નેહપૂર્વક ફેરબદલ કરવા જોઈએ. એટલે સાસુની ઉપરવટ થવાની વાત સહેલાઈથી સ્વીકાર ન થવાથી સંઘર્ષ, ખટરાગ અને ક્લેશની શરૂઆત મંડાય છે. જો પુત્રવધૂમાં ધૈર્ય, સમજણ અને પિયરીયાના સંસ્કાર સમજ મળેલ હોય તો શરૂઆતમાં સાસુનું આધિપત્ય સ્વીકારીને આગામી સમયે પોતાનું સર્વો પરી સામ્રાજ્ય બનાવી શકે છે.

સાસુનો આગ્રહ રહે છે જે જેમ પહેલાંથી થતું આવે છે એમ જ થવું જોઈએ. પરંતુ નવી પેઢીની વહુ સમય, મહેનત બચાવવા માટેના રસ્તા શોધતી હોય છે. સાસુ અથાણા, પાપડ, વડી, ખાખરા, મસાલા ઘરે બનાવવા માટે મથે છે. જ્યારે વહુ બજારમાંથી તૈયાર પેકેટ લાવી સમય અને શ્રમ બતાવવા મથે છે. આમાં થોડા ઘણા પૈસા જાય પણ સારી કુંપનીના તૈયાર પ્રોડક્ટસ લાવવા ઈચ્છે છે. આમ સામ સામેના વિચારને લીધે સંઘર્ષ સર્જાય છે.

નવી પેઢીની વહુ માતાની જગા પર આવેલી સાસુ પાસેથી જીવનના અનુભવો શીખે, આત્મસાત કરે જ્યારે સાસુ પોતાની વારસ થનારી વહુ પાસેથી નવા વિચાર નવી પેઢીના આચાર, ચલણ સમજે ને શીખે તો પછી સંઘર્ષનો અવકાશ જ ન રહે. આમ બંન્ને સમજણ, અનુભવ અને શિક્ષણનો જો તાલમેલ કરી શકે તો આ સંબંધ અવશ્ય સોના જેવો સોહામણો અને કિંમતી બની જાય અને ઘર સંસારની શાંતિ માટે સોહામણો થઈ રહે.

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | : Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | : Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | : ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**


KDO
શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન
મેડિકલ સમિતિ
KDO SANJIVANI
માતુશ્રી કસ્તુરીબાઈ વિસનજી ધરમશી
માતુશ્રી રતનબાઈ નરશી ધરમશી
કચ્છ સુથરી, હાલ મુલુન્ડ, મુંબઈ
પૂજ્ય વડીલોની પુણ્ય સ્મૃતિમાં જીવદયા અને સુપાત્રદાન કર્તવ્યને
સાર્થક કરી રહેલ ધરમશી પરિવાર
HD Fire Protect Pvt. Ltd.
શ્રી સમસ્ત મહાજન દ્વારા પ્રેરિત સંજીવની સ્કિમ માટે
રૂપિયા 5,00,000 ની
રકમ ફાળવવામાં આવી છે.
સંજીવની એમરલ્ડ પેટ્રોન

# શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન મહાજનની મેડિકલ સમિતિ સંચાલિત

# સંજીવની યોજનાના નીલમણિ પેટ્રોન દાતાને નમન

શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજનની મેડિકલ સમિતિ સંચાલિત જ્ઞાતિજનોને અતિઉપયોગી અને આધારભૂત સહાયરૂપ થતી સંજીવની યોજનામાં સર્વોચ્ચ શિખરરૂપ રૂા.પાંચ લાખનું અનુદાન આપી માતુશ્રી કસ્તુરીબાઈ વિશનજી ધરમશી, માતુશ્રી રતનબાઈ નરશી ધરમશી સુથરી હાલે મુલુંડ હસ્તે એચડીફાયર પ્રોટેક્ટ પ્રા.લિમિટેડ દ્વારા પૂજ્ય વડીલોની પુણ્ય સ્મૃતિ રૂપે જીવદયા અને સુપાત્ર દાન કર્તવ્યને સાર્થક કરી ધરમશી પરિવાર અનેક જ્ઞાતિજનોના બાંબેલી બનશે. અચાનક ત્રાટકતી રોગ આફતમાં સપડાયેલા જ્ઞાતિ બાંધવોના આધાર આપશે.

માનવ કલ્યાણ પ્રવૃત્તિને લક્ષમાં રાખી, ભ્રાતૃભાવના સંબંધ કાયમી રહે એ ઉદારતા આદર્શ સમાજની નિશાની છે. જ્ઞાતિના ભામાશા એવા ધરમશી પરિવારના અમૂલ્ય યોગદાન માટે હૃદયપૂર્વક નમન સાથે અઢળક અનુમોદના...અનુમોદનાને આભાર.



માતુશ્રી કસ્તુરીબાઈ વિસનજી ધરમશી



માતુશ્રી રતનબાઈ નરશી ધરમશી

કચ્છ સુથરી, હાલ મુલુન્ડ, મુંબઈ

# વ્યક્તિનો વિકાસ એટલે જ્ઞાતિની સમૃદ્ધિ

શ્રી સમસ્ત મહાજનની મિડીયા પ્રસાર સમિતિ દ્વારા બીટુબી ના સહયોગથી એક નવો પ્રકલ્પ શરૂ કરવા જઈ રહ્યા છીએ. આમાં તમે મુશ્કેલ પરિસ્થિતિઓ સામે ખંત ખમીર અને સાહસથી લડીને વ્યવસાય વિકસાવ્યો છે. આપ હુનરને આગળ વધાર્યો છે અને પરિવાર માટે આવકનો સ્ત્રોત ઉભો કર્યો છે. એ પ્રેરણા ભરી વાતો જેમાં ક્યા સંજોગોમાં વ્યાપાર ધંધો શરૂ કર્યો, કેવી તકલીફો સહન કરી આગળ વધ્યા એ બધી વાતો જ્ઞાતિજનો સુધી પહોંચાડવા અને તેમાંથી સૌ કોઈ પ્રેરણા લે એ પ્રયોજનથી જ્ઞાતિમૈયા ઈ મેગેજીનમાં પ્રગટ કરાશે. તો કૃપા કરીને આપેલ લિંક ઓપન કરી ફોર્મમાં વિગતવાર માહિતી આપશો એ વિનંતી.

**અહ્યા ક્લીક કરીને**
**વિગતવાર માહિતી**
**આપીને**
**આ ફોર્મ ભરો**

# પાલીતાણા કચ્છી ભવન મધ્યે ૯૯ યાત્રાના યાત્રિકોનું દૂધ પાણીથી પાદ પક્ષાલન સાથે સંઘપૂજન કરાયું





પાલીતાણા કચ્છી ભવન મધ્યે પ.પૂ.ગણીવર્ય શ્રી રાજરત્નસાગરજી મ.સા. આદિ તેમજ પ્રવર્તીની મહતરા સાધ્વી મુખ્યા પ.પૂ.શ્રી વસંતપ્રભાશ્રીજી મ.સા. આદિઠાણા ૫૧ની નિશ્રા ઉપસ્થિતિમાં ૯૯ યાત્રા કરતા યાત્રિકોનું દૂધ પાણીથી પાદ પક્ષાલન સાથે સંઘ પૂજન સંઘપતિ પરિવાર તથા તેમના કાંડાગરા ગામના મિત્ર વર્તુળ સર્કલ દ્વારા કરાયું હતું.

---

## શ્રી ગૌતમ ગુણ વિહારતીર્થ પાલી સંઘમાં સપ્તમ ધ્વજારોહણ મહોત્સવનું આયોજન




ગચ્છ ગૌરવ યુક્ત રાજસ્થાનના શંખેશ્વર તીર્થ પાલી રત્ન દાદા સાહેબ શ્રી ગૌતમસુરિ સ્મૃતિધામ શ્રી ગૌતમ ગુણ વિહાર તીર્થ પાલીના સપ્તમ ધ્વજા રોહણ નિમિત્તે દ્વિદિવસીય મહોત્સવ તા.૧૩ ફેબ્રુઆરી તથા ૧૪ ફેબ્રુઆરીના યોજાયેલ છે.

તા.૧૩ ફેબ્રુઆરી રવિવાર રોજે ૧૮ અભિષેક તા.૧૪ ફેબ્રુઆરી સોમવાર સતર ભેદી પૂજા સાથે ધર્મ આરાધનાઓ થશે. મુખ્ય ધ્વજા કાયમી લાભાર્થી માતુશ્રી ધનબાઈ લક્ષ્મીબાઈ ભાણજી છેડા લાયજા હસ્તે સંઘ માતા કુસુમબેન જયંતિલાલ છેડા મુલુંડ.

ગચ્છ ગૌરવ યુક્ત રાજસ્થાનના શંખેશ્વર તીર્થ પાલીની સાતમી વર્ષગાંઠ અવસરે મુખ્ય ધ્વજા પાલીતાણા સ્થાપના તીર્થ શ્રી સીમંધર સ્વામી સહિત અન્ય પરમાત્મા ગુરૂ મંદિર દેવદેવી આદિ સૌ ધ્વજાના સૌ માનવંતા દાતા પરિવારો, તીર્થના અન્ય સર્વે ઉદાર દિલ દાતા પરિવારો, સૌ ગુરૂભક્તો સહ સકળ શ્રી સંઘને તા.૧૩ ફેબ્રુઆરી અને તા.૧૪ ફેબ્રુઆરીના બે દિવસીય કાર્યક્રમે શ્રી ગૌતમ ગુણ વિહાર પાલીતાર્થે પધારવા શ્રી ગૌતમ ગુણ વિહાર જૈન તીર્થ પાલીના ટ્રસ્ટીઓ દ્વારા અપાયું છે. સાથે વિનંતી કરેલ છે કે આ અવસરે પધારનારની સુગમતા માટે સ્થાનિકે હેમાંગ ગાલા-૮૬૯૬૭૮૪૧૪૦ને જરૂરથી જાણ કરે.

---

## જ્ઞાન વિથ આચાર્ય અંતર્ગત આગમ દિવાકર આ.ભ.શ્રી સાથે જ્ઞાન ચર્ચા

શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ અને શ્રી ક.દ.ઓ.જૈન સંઘ ભાંડુપના સંયુક્ત આયોજન હેઠળ જ્ઞાન વિથ આચાર્ય શિર્ષક અંતર્ગત સ્પેશિયલ એપિસોડમાં જૈન ધર્મમાં ૪૫ આગમના મહિમા વિષે ચર્ચા માહિતી આગમ દિવાકર પ્રશમરસ નિધિ અ.ભ.શ્રી.મહોદયસાગરસૂરિશ્વરજી મ.સા. સાથે વૈભવ મનોજ લોડાયાએ સવાલ કરીને મેળવી, પ્રાપ્ત કરી છે. જે એક નયી સોચ આધ્યાત્મિક કી ઓર ને સાર્થક કરે છે. ૧૨.૨૨ મિનીટનો આ યુટ્યૂબ વીડિયો લિંક https://youtu.be/x1Lrp8cHdLQ પર જોઈ માણી જાણી શકાશે.

# અચલગચ્છ જૈન સંઘ મુલુંડ ઈસ્ટના આંગણે જિનવાણીના જાદુગર પ.પૂ.ગુરૂદેવના તત્વ ભરપૂર પ્રવચનો પાર્શ્વ કમળ પરિવાર યુટ્યૂબ ચેનલ પર



શ્રી અચલગચ્છ જૈન સંઘ મુલુંડ ઈસ્ટના આંગણે ગુરૂ ગુણ કૃપા પાત્ર કચ્છ કોહીનુર, મારવાડ રત્ન, મરૂધર કેસરી, પ.પૂ.ગણિવર્ય શ્રીકમલપ્રભસાગરજી મ.સા., પ.પૂ.મુનિરાજ શ્રી ધર્મસાગરજી મ.સા. આદિ ઠાણા સાથે તપોવીર પ.પૂ.મુનિ શ્રી હિંકારસાગરજી મ.સા. ૯૦ વર્ષની ઉંમરે વર્ધમાન તપની ૧૦૦મી ઓળી ચાલુ છે. એવા મહાત્મા અહીં બિરાજમાન છે.

તા.૨૧ જાન્યુઆરી શુક્રવાર સવારના ૯.૩૦ કલાકે મનનીય અને જ્ઞાન સભર પ્રવચન ફરમાવ્યું. Parana Kamal Parivara યુટ્યૂબ ચેનલ ઉપર જિનવાણીના જાદુગર પૂજ્યશ્રીનું પ્રવચન અસંખ્ય જણાઓએ સાંભળી લાભ લીધો.

તપોરત્ન પ.પૂ.મુનિરાજ શ્રી હીંકારસાગરજી મ.સા.એ તા.૧૦ જાન્યુઆરી સોમવારથી ૧૦૦મી આયંબિલની ઓળી અનેરા ઉત્સાહ ઉમંગે શાતાપૂર્વક પ્રારંભ કરેલ. સમસ્ત અચલગચ્છ જૈન સંઘ જ નહીં પરંતુ સકળ જૈન સંઘ અચલગચ્છના આ આરાધના પ્રેમી તપોરત્ન પ.મુનિશ્રીના સત્વશીલ સાહસ માટે નત મસ્તક છે.

વર્ધમાન તપના શિખરે આરૂઢ થવા કટિબધ્ધ પ.પૂ.મુનિની આ સાહસ ગાથાની અનુમોદના કરવા સોમવારના આયંબિલ દિવસે સાધુ સાધ્વીજી ભગવંતો સાથે શ્રાવક-શ્રાવિકા ગુરૂભક્ત અતિ સકળ સંઘે સોમવારના આયંબિલ કરીને ઉત્સાહમાં શતગુણ વૃધ્ધિ કરીને મહાતપના આરાધક મુનિશ્રીને શુભ ભાવ સાથે બળ આપેલ છે.

તા.૧૦ જાન્યુઆરીના સંઘની વાતને સહજતાથી સ્વિકારી જે પણ સંઘમાં કે વ્યક્તિગત રીતે આયંબિલ કરેલ હોય એ સર્વેની ખૂબ ખૂબ અનુમોદના. અભિનંદન... આભાર...મો.નં.૭૦૨૦૬૪૩૨૫૬ ઉપર એ દિવસ કેટલા આયંબિલ થયા એ આંકડો જરૂરથી જણાવજો. જેથી સૌ અનુમોદના કરી શકે.

ભાગ્યશાળી તપ પ્રેમીઓ હવે આયંબિલ તપ મહાકુંભનો પ્રારંભ થઈ ગયો છે. ત્યારે હજી કાંઈ મોડું નથી થયું. વગર અફસોસ આજે પણ તપે જોડાઈ શકો છો. આયંબિલ તપ મહાકુંભનો આયોજન ૧૦૦ દિવસ અખંડ ચાલશે. સમયે સમયે થનાર કાર્યક્રમ Parswa Kamal Parivaar ચેનલ ઉપર પ્રસારણ થશે. જિનવાણીના જાદુગર પૂજ્ય ગુરૂદેવના તત્વ ભરપૂર પ્રવચનો સાંભળવા ઉપરની ચેનલને સબ્સક્રાઈબ કરી લાઈક જરૂર કરજો. આ મેસેજ દરેક ગ્રુપમાં મોકલી પુણ્યની દલાલી અવશ્ય કરજો.

ઘર ઘર ગુંજે આયંબિલ નાદ, ગામે ગામ ગુંજે આયંબિલ નાદ.

# પૂજ્ય મહારાજ સાહેબો અબડાસા ગામોના વિહાર કરીને દેઢિયા ગુણ પાર્શ્વનાથ તીર્થે પધરામણી કરી

કચ્છના અબડાસા વિભાગના સાંધાણ તીર્થે શાંતિનાથ દાદાના સાંનિધ્યમાં અજોડ શાસન પ્રભાવક ૨૧મા વર્ષીતપના તપોનિધિ, સૂરિમંત્ર પ્રસ્થાન સાધક પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્રસાગરજી મ.સા., પ.પૂ.મુનિરાજશ્રી મુક્તિરત્નસાગરજી મ.સા. આદિ ઠાણાની પાવનકારી નિશ્રામાં ઉત્સાહ ઉમંગના ભાવથી ગુરૂમંદિરની પ્રતિષ્ઠા અદ્‌ભૂત ભક્તિથી સંપન્ન થઈ. ત્યાંથી વિહાર કરીને પૂજ્ય સાહેબો સુથરી તીર્થ ઘૃત કલ્લોલ પાર્શ્વનાથ દાદાને જુહારીને. સાંયરા આદિનાથ દાદાને જુહારીને, કોઠારા તીર્થ શાંતિનાથ દાદાને જુહારીને દેઢિયા ગુણ પાર્શ્વનાથ તીર્થે પધાર્યા છે. ગામેગામના સંઘે અદ્‌ભૂત ભાવ અને અંતરના ઉમળકાથી સાહેબજીનું સામૈયું કરીને બહુમાન જાળવ્યું.

## શિવમસ્તુ તીર્થના અઢાર અભિષેક તથા ધ્વજારોહણ પ્રસંગ અંગે મહત્વનો ખુલાસો

હાલે કચ્છ-ગુજરાતમાં કોરોના વાયરસનો પ્રકોપ અધિક પ્રમાણમાં ફેલાયો છે. કોવિડ-૧૯ અને તે માટેની સરકારી ગાઈડલાઈન્સના નિયમોને જાળવીને તા.૧૩ ફેબ્રુઆરી ૨૦૨૨ના કચ્છ માંડવી ખાતે શિવમસ્તુ તીર્થની આઠમી સાલગિરાહ મર્યાદિત સંખ્યામાં ભાવિકો સાથે ઉજવાશે. જે પરિવારો એ અઢાર અભિષેક માટે લાભ લેવા નામ લખાવ્યા છે એ કેન્સલ સમજવા કારણ કે અઢાર અભિષેક અગાઉથી કરી લેવામાં આવશે.

બાકી મૂળનાયક પ્રભુજી આદિના અભિષેક કે અન્ય ચડાવા તે સમયે સંજોગોનુસાર લઈ લાભ આપવામાં આવશે. ધજાના કાયમી દાતા પરિવાર શ્રીઓએ સપરિવાર સારી સંખ્યામાં સમયસર પધારી જવા સપ્રેમ આમંત્રણ સહ વિનંતી. શિવમસ્તુ તીર્થ સંચાલકો દ્વારા કરાઈ છે.

## પ.પૂ.સા.શ્રી યશપ્રભાશ્રીજી મ.સા.ના સંયમજીવનના પ૬મા વર્ષમાં યશસ્વી પગરણ



પોષ વદ પાંચમ વિક્રમ સંવત ૨૦૩ના તિથિએ કચ્છ કોઠારાના માવિત્ર ચંદનબેન દામજીભાઈ ધરમશીની કોડીલી કન્યારત્ન સંયમ ભાવ સ્વીકારવા કટિબધ્ધ થઈ નલિયા નગરે દીક્ષા લીધી અને પ.પૂ.સાધ્વીશ્રી યશપ્રભાશ્રીજી નામ પામી. ગુરૂનામ પ.પૂ.સાધ્વીશ્રી અરૂણપ્રભાશ્રીજી મ.સા. અને દીક્ષા દાતા અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.

તા.૨૨ જાન્યુઆરી શનિવારને સંવત ૨૦૭૮ની પોષ વદ પાંચમ તિથિ દિને સંયમ જીવનના સફળ પણે ૫૫ વર્ષ પૂર્ણ કરી ૫૬મા વર્ષમાં યશસ્વીપણે પગરણ કર્યા છે. ત્યારે આપણી કામના છે કે સાહેબ શ્રી સુખશાતાથી શતક શિખરને આંબે અને સદૈવ સૌને આશીષ વર્ષાના પ્રત્યક્ષ સુખ આપે એ ભાવના સહ વંદન.

## યવતમાલ સંઘના શ્રી કુંથુનાથ જિનાલયની સાલગિરાહ અવસરે વિવિધ ધર્મ આરાધનાઓ સાથે બારમો ધ્વજા મહોત્સવ સંપન્ન થયો







યવતમાલ નગરના શ્રી કુંથુનાથ સ્વામિજી ગૃહ જિનાલયની અગિયારમી સાલગિરાહના અવસરે બારમો ધ્વજા રોહણ મહોત્સવ તા.૧૮ જાન્યુઆરી મંગળવાર સવારે ૮.૩૦ કલાકથી ૧૮ અભિષેક પૂજન, સતર ભેદી સહિત આરાધનાઓ સાથે ધ્વજા રોહણ વિધિ થઈ. મુંબઈથી પધારેલ વિધિકાર ચિરાગભાઈ ખુશાલભાઈ સંગોઈના સંગાથે ઉજવવામાં આવેલ.

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# લગ્નસંબંધી

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈની સગપણ સેતુ વિભાગને પ્રોત્સાહન આપવા માટે તથા જ્ઞાતિના લગ્નોત્સુક યુવક-યુવતીઓને યોગ્ય પાત્ર મળી રહે એ ઉદ્દેશથી આ કોલમ શરૂ કરેલ છે. જે આપને યોગ્ય નિર્ણય લેવા માટે મદદરૂપ થશે. અગર જો આપની ઈચ્છા હોય તો નીચે આપેલા ફોર્મ ભરવાની કૃપા કરશો. જે અમે યોગ્ય સમય નિઃશુલ્ક પ્રકાશિત કરશું.



**વધુ વિગત માટે સંપર્ક :**
**અલકા ભેદા-૯૮૨૧૧૭૯૭૯૬, જીનાલી લોડાયા-૯૮૯૨૧૮૯૦૮૫,**
**મનીષા લાલકા-૯૮૨૦૫૪૫૭૩૪.**

**ફોર્મ ભરવા માટે અહીં ક્લીક કરો**



**Name : Sayla Rahul Murjibhai**

**Vastipatrk No.: SUSI0100204**

**Date of Birth : 18th June 1986**

**Birth Time : 12:00 pm**

**Height : 5’5”**

**Weight : 70 KGS**

**Manglik : No**

**Present Stay : Vardhaman Nagar Bhujodi Bhuj Kutch**

**Birth Place : Suthri Kutch**

**Other Details : 2 brother and 2 sister both sister is married and 1 brother is married**

**Qualification : SSC (10th)**

**Native Place : Suthri**

**Occupation : Photography**

**Blood Group : O+**

**E-Mail : rahulsayla1@gmail.com**

**Contact : 9979624033**

**Parent's Contact : 9909219457**

Gyatimaiya KDO Mahajan Code No. SM B/2



**Name : Lalka Priyanka Rajendra**

**Vastipatrk No.: BDLA0500306**

**Date of Birth : 21th July 1996**

**Birth Time : 12:45 am**

**Height : 4’11”**

**Weight : 90 KGS**

**Manglik : No**

**Present Stay : Thane**

**Birth Place : Solapur**

**Qualification : B.Sc. & IT**

**Native Place : Bandhiya**

**Occupation : Manager at MMB Advisors Private Limited**

**Blood Group : A+**

**E-Mail : lalkapriyanka@gmail.com**

**Contact : 9428310538**

**Parent's Contact : 9879975748**

Gyatimaiya KDO Mahajan Code No. SM G/2

નોંધ : જે પાત્રો સગપણ સંબંધે જોડાય તેઓ અમને જાણ કરે જેથી અમે અમારા રેકોર્ડમાં સુધારો કરી શકીએ.

# દેવલાલીના નવલ સદ્‌ગુણ ધ્યાનાલયમાં વિમલનાથ જિનાલયની ૩જી વર્ષગાંઠની દબદબાભેર ઉજવણી કરાઈ

   

મહારાષ્ટ્ર રાજ્યના ખુશનુમા આબોહવા ધરાવતા આરોગ્યધામ નગર કહેવાતા દેવલાલીના અનંત આરોગ્ય નિધિ ટ્રસ્ટ નવલ સદ્‌ગુણા ધ્યાનાલયના વિમલનાથ જિનાલયની ૩જી વર્ષગાંઠ દબદબાભેર ઉજવણી પ.પૂ. સાધ્વીશ્રી કલ્પપૂર્ણાશ્રીજી મ.સા.ની પાવનકારી નિશ્રામાં વિધિકાર પ્રવીણ સાવલાના સથવારે વિવિધ ધર્મ આરાધનાઓ સાથે સંપન્ન થઈ.



---


જય શ્રી મોમઈ માતાજી

**શ્રી ડાઘા મોમઈ મા મિત્ર મંડળ (વરાડીયા), મુંબઈ**

વરાડીયામાં બિરાજમાન ડાઘા કુળદેવી શ્રી મોમઈ માતાજીને નમતા ભાવિકો તથા કચ્છ નિવાસી અન્ય ડાઘા પરીવારજનો તથા વરાડીયા સ્થિત મોમઈ માતાજી ને નમતા ભાવિકોની પરિણિત નિયાણી બેનોને સજોડે પહેડી આમંત્રણ. વરાડીયા ડાઘા કુળદેવી **શ્રી મોમઈ માતાજીની સળંગ ૩૦મી પહેડીનું આયોજન**

**સંવત ૨૦૭૮ મહા સુદ ૧૨ ને રવિવાર તા. ૧૩.૦૨.૨૦૨૨** લાભ લેનાર

દાતાશ્રી : માતુશ્રી હીરબાઈ રતનશી પાસ્વીર ડાઘાની દિકરીઓ (નિયાણીઓ) સહ પરિવાર

**શુભ સ્થળ:** બોમ્બે પ્રેસિડેન્સી ઈન્ટરનેશનલ સ્કૂલ હોલ, પહેલે માળે, રામદાસ રોડ, સાંઈબાબા મંદિર પાસે, મુલુન્ડ (પૂર્વ) મુંબઈ ૪૦૦૦૮૧. **સમય:** સવારના ૮.૩૦ થી ૧. ક. - (પહેડી પ્રસાદ : બપોરે ૧૨ થી ૧ સુધી) વરાડીયા ઉપરાંત નલિયા, તેરા, સુથરી, ગોએરસમાના ડાઘા કુળના સહુ ભાવિકોને સપરિવાર તથા વરાડીયા સ્થિત મોમઈ માતાજી ને નમતા ભાવિકોની પરિણિત નિયાણી બેનોને સજોડે પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

**ભક્તિ ભાવના :** શ્રી ડાઘા મોમઈમા મિત્ર મંડળ વરાડીયા તથા શ્રી વરાડીયા જૈન મિત્ર મંડળ, મુંબઈ. સહુને સમયસર પધારવા નમ્ર વિનંતી છે. તે વખતની પરિસ્થિતિ તથા સરકારી નિતી નિયમો મુજબ માસ્ક પહેરવું તથા સામાજિક અંતર રાખવું જરૂરી બની શકે છે.

**નોંધ:** કૃપા કરી પહેડીમાં કાળા વસ્ત્રો પરિધાન કરશો નહિં.

**લી.**

**મા. હીરબાઈ રતનશી પાસ્વીર ડાઘા ની પરિણિત દિકરીઓ (નીયાણી બેનો) પરીવાર**
**તથા શ્રી ડાઘા મોમઈમા મિત્ર મંડળ વરાડીયા, (મુંબઈ)**

સંપર્ક : નિતીન ડાઘા-૯૦૦૪૩૯૧૪૧૨, નલિન ડાઘા-૮૩૬૯૯૧૯૩૨૯, ૯૭૬૯૧૧૧૦૪૦

# દિવ્યા સમીર મોમાયા અને નેહા નિમેશ શાહને બેસ્ટ પ્રોમિસિંગ ઈનોનેટિવ સ્ટાર્ટઅપ એવોર્ડ ૨૦૨૧ એનાયત કરાયો










વરાડીયાના વિભા નરેન્દ્ર મોમાયાના પુત્રવધૂ CS દિવ્યા સમીર મોમાયા અને જખૌના નીતાબેન મણિકાંત શાહના પુત્રવધૂ નલિયાના વનિતા ભરત નાગડા પુત્રી નેહા નિમેષ શાહને FICCI ફેડેરેશન ઓફ ઈન્ડિયન ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીયલ અને TIEN દ્વારા Best Promising Innovative Startup એવોર્ડ ૨૦૨૧ તામિલનાડુ રાજ્યના IT મંત્રી શ્રી મનોથંગારાજેના હસ્તે એનાયત કરાયો. આ સ્ટાર્ટઅપ દ્વારા કુંપની સેક્રેટરી દિવ્યા મોમાયા અને નેહા શાહ એક લાખ ડિરેક્ટરો અને પ્લેટફોર્મ પ્રોવાઈડર બોર્ડ અને બિઝનેસ મેન્ટરિંગ તથા નેટવર્કિંગની તકોનો સમુદાય બનાવવાનું વિઝન ધરાવે છે. નાવિન્ય આશાસ્પદ ઉપક્રમ સાહસ બદલ એવોર્ડ પ્રાપ્ત કર્તા બહેનોને અભિનંદન.

# નવી મુંબઈમાં ૫૪ રસીકરણ કેમ્પનું આયોજન કર્યું લાલકા દંપતિએ



સ્થાનિક ધારાસભ્ય ગણેશ નાઈકના નેતૃત્વ હેઠળ, નગરસેવક શશીકાંત રાઉતના સહયોગથી ૫૪ જેટલા નિઃશુલ્ક કોરોના વેક્સિનેશન કેમ્પનું આયોજન કચ્છ લાલા હાલે વાશી નવી મુંબઈના પરેશ લાલકા અને ચાંદની પરેશ લાલકાએ કર્યું હતું. જેનો દરેક સમાજના ૭૦૦૦ હજારથી વધારે લોકોએ નવી મુંબઈ તથા એપીએમસી માર્કેટમાં આવનાર જ્ઞાતિજનોએ લાભ લીધો હતો. આ કાર્ય માટે તેમની બહોળી પ્રશંસા થઈ હતી અને આવા સમાજલક્ષી કાર્યો ભવિષ્યમાં કરતા રહે એવી શુભેચ્છા આપી હતી.

# ચાંદની પરેશ લાલકાની Jito નવી મુંબઈ લેડીઝ વિંગના ચેરપર્સન તરીકે નિયુક્તિ








ગામ લાલા હાલે વાશી નવી મુંબઈના ચાંદની પરેશ લાલકાને Jito નવી મુંબઈ લેડીઝ વિંગના ચેરપર્સન તરીકે નિયુક્ત કરાયા છે. પદભાર સંભાળ્યા બાદ કોરોના કાળના કપરા ચાર મહિના દરમ્યાન સમાજલક્ષી ૧૧ ઈવેન્ટ કન્ડેક્ટ કરી લેડીઝ વિંગને નવી ઊંચાઈ પર પહોંચાડ્યું છે. તેઓને એપેક્ષ Jito લેડીઝ વિંગના વાઈસ ચેરપર્સન એડવોકેટ મિનલ ભરત ખોનાનો ખૂબ સાથ મળતો રહ્યો છે.

ચાંદની લાલકાને પદ નિમણુંક તેમજ કાર્ય સિધ્ધિ કરવા બદલ હાર્દિક અભિનંદન.



## પાલીતાણા તીર્થે ગુણોદય ભવન ખાતે શ્રી સિધ્ધચક્ર મહાપૂજન ભાવપૂર્વક કરાયું





પ.પૂ.ગણિવર્ય શ્રી રાજરત્નસાગરજી મ.સા આદિ ઠાણા સાધુ-સાધ્વીજી ભગવંતોની પાવન નિશ્રામાં અને ચતુર્વિધ સંઘની ઉપસ્થિતિમાં વિધિકાર ચિરાગભાઈ સંઘોઈ સંગાથે શ્રી સિધ્ધ ચક્ર મહાપૂજન પાલિતાણા તીર્થમાં ગુણોદય ભવન ખાતે ઉજવવામાં આવેલ.







## વસઈ રોડ સંઘમાં ગણિવર્ય મ.સા.ને વર્ધમાન વિદ્યા પટ્ટક તથા સ્થાપના ચાર્યજી વહોરાવવામાં આવ્યા

તા.૨૧ જાન્યુઆરી શુક્રવારના શુભ મુહૂર્તમાં વસઈ રોડ અચલગચ્છ જૈન સંઘમાં પ.પૂ.ગણિવર્ય શ્રી ઉદયરત્નસાગરજી મ.સા.ને વર્ધમાન વિદ્યા પટ્ટક તથા સ્થાપના ચાર્યજી વહોરાવવામાં આવ્યા.

## પ.પૂ.સાધ્વીજી ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪ની કચ્છ માંડવીમાં સ્થિરતા

પ.પૂ.સાધ્વીશ્રી ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪ કચ્છ માંડવીના અચલગચ્છ ઉપાશ્રયમાં શાંતાપૂર્વક બિરાજમાન છે. હાલે કચ્છમાં વકરેલી કોરોના મહામારીની પરિસ્થિતિના કારણે કચ્છમાં તેમના અન્ય વિહારો મોકુફ રાખેલ છે. જેની ગુરૂ ભક્તોએ નોંધ લેવાની વિનંતી માંડવી અચલગચ્છ જૈન સંઘ પ્રમુખ મયૂર પી. શાહ-૯૧૦૬૫૯૧૬૬૪ દ્વારા કરાઈ છે.


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# પાલીતાણા તીર્થે શ્રીવીસ સ્થાનક મહા પૂજન અતિ ભાવપૂર્વક થયા






પાલીતાણા તીર્થે ખાતે ગણિવર્ય શ્રી રાજરત્નસાગરજી મ.સા. આદિ ઠાણાની પાવનકારી નિશ્રામાં શ્રીવીસ સ્થાનક મહાપૂજન વિધિકાર ચિરાગભાઈ સંગોઈના સંગાથે ઉજવવામાં આવેલ.

# સુથરી તીર્થે પૂજ્ય મહારાજ સાહેબોનું ભવ્ય સામૈયું કરાયું





તા.૧૫ જાન્યુઆરી શનિવારના સવારે અબડાસા પંચતીર્થીના સુથરી તીર્થમાં પધારેલ પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા. તથા પ.પૂ.મુનિરાજશ્રી કલ્પતરૂસાગરજી મ.સા. પધાર્યા ત્યારે પૂજ્ય ભગવંતોનું ભવ્ય પણે વાજતે ગાજતે સામૈયું કરાયું હતું. સંઘના શ્રાવક શ્રાવિકોઓ ઉમળકા સાથે જોડાયા હતા.

# ૭૨ જિનાલય તીર્થે રાજેશભાઈ ગોગરીના ૧૮૦ ઉપવાસનો પારણોત્સવ રંગેચંગ થયો




કચ્છના ધર્મ તીર્થ ૭૨ જિનાલયની ધન્ય ધરા પર રાજેશભાઈ ગોગરીના ૧૮૦ ઉપવાસના પારણોત્સવ અજોડ શાસન પ્રભાવક, ૨૧મા વર્ષીતપના તપોનિધિ, સૂરિમંત્ર, પંચ પ્રસ્થાન સાધક પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.ની પાવનકારી નિશ્રામાં રાજેશભાઈ ગોગરીના ૧૮૦ ઉપવાસના પારણાની ઐતિહાસિક ક્ષણો યુવા વિધિકાર ડૉ.હર્ષભાઈ દેઢિયાના સંગાથે નવકાર મહામંત્રના ભાષ્ય જાપ સાથે સંપન્ન થઈ.



# સાંધવ નગરે શ્રી શાંતિનાથ દાદા જિનાલયની ૧૫૬મી સાલગિરાહ અવસરે ત્ર્યાન્હિકા જિનેન્દ્ર ભક્તિ મહોત્સવનું ભાવપૂર્વક આમંત્રણ

અબડાસા પંથકના સનાતન શાંતિ અને સમૃધ્ધિના પ્રતિક સમા સૌભાગ્યશાળી સાંધવ નગરના આંગણે શ્રી શાંતિનાથ દાદા જિનાલયની ૧૫૬મી સાલગિરાહના અવસરે ધ્વજા રોહણ પ્રસંગે ત્ર્યાન્હિકા જિનેન્દ્ર ભક્તિ મહોત્સવનું આયોજન તા.૧૧ ફેબ્રુઆરી શુક્રવારથી રવિવાર તા૧૩ ફેબ્રુઆરી સુધી કરાયું છે. જેમાં પધારવાનું સૌ સાંધવવાસીઓ, નિયાણી બહેનો સહપરિવાર, સકળ સંઘો અને મહાજનો અને સાજન મહાજનને આદરપૂર્વક પધારવાનું આમંત્રણ શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન સાંધવ તરફથી અપાયું છે.

પુણ્યાઈ શુભનિશ્રા મધુરકંઠી પ.પૂ.મુનિરાજ શ્રી મુક્તિરત્નસાગરજી મ.સા., સંયમે કલક્ષી પ.પૂ.મુનિરાજ શ્રી આર્યરત્નસાગરજી મ.સા. શ્રમણી વૃંદની પાવન પધરામણી પ.પૂ.સા.શ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા. આદિઠાણા, પ.પૂ.સા.શ્રી કાવ્યગુણશ્રીજી મ.સા., પ.પૂ.સા.શ્રી કનકગુણશ્રીજી મ.સા., સાંધવના દીકરી પ.પૂ.સા.શ્રી હીરગુણાશ્રીજી મ.સા. આદિઠાણા તથા આદિ સાધ્વીજી ભગવંતો પધારશે.

પ્રથમ દિન તા.૧૧ ફેબ્રુઆરી શુક્રવાર સવારે ૯ કલાકે નૂતન અંજન શલાકા થયેલ રજતના પરમાત્મા શ્રી પાર્શ્વનાથ પ્રભુજીની સાંધવ નગરે પધરામણી અને સામૈયું. બપોરે ૧૨.૩૯ કલાકે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ મહાપૂજન, પ્રથમ દિને પૂજન સંપૂર્ણ દિવસની સાધર્મિક ભક્તિ, પ્રભુજીની ભવ્યાતિ ભવ્ય અંગરચના પ્રભુજીની ભક્તિ-ભાવના, જીવદયા ગાયોને લીલાચારાના સંપૂર્ણ લાભાર્થી પરિવાર માતુશ્રી નિર્મલાબેન નવીનચંદ્ર લોડાયા પરિવાર ધમતરીવાળા મુલુંડ.

દ્વિતીય દિન શનિવાર તા.૧૨ ફેબ્રુઆરી સવારે ૯ કલાકે ગુરૂ ભગવંતો દ્વારા જિનવાણી શ્રવણ બપોરના ૧૨.૩૯ કલાકે સિધ્ધિદાયક શ્રી સિધ્ધચક્ર મહાપૂજનના લાભાર્થી પરિવાર માતુશ્રી મણિબાઈ કુંવરજી મોતા ડોંબિવલી. દ્વિતીય દિન સંપૂર્ણ દિવસના સાધર્મિક ભક્તિ પ્રભુજીની ભવ્યાતિભવ્ય અંગરચના પ્રભુજીની ભક્તિ ભાવના જીવદયા કાજે ગાયોને લીલા ચારાના લાભાર્થી પરિવાર માતુશ્રી જમકુભાઈ લાલજી પટેલ મુલુંડ, માતુશ્રી મણિબાઈ કુંવરજી મોતા ડોંબિવલી.

તૃતીય દિવસ રવિવાર તા.૧૩ ફેબ્રુઆરી સવારે ૮.૩૦ કલાકે સતરભેદી મહાપૂજનનો પ્રારંભ સવારના ૧૦.૧૫ કલાકે આહવાન સહ ધ્વજા રોહણ વિધિનો પ્રારંભ. નવમી પૂજામાં ધ્વજા ચડાવાના લાભાર્થી પરિવાર શાહ આણંદજી હીરજી ખોના, શાહ પદમશી કલ્યાણજી ખોના, સતરભેદી પૂજા, સંપૂર્ણ દિવસના સાધર્મિક ભક્તિ અને જીવદયા ગાયોને લીલાચારાના લાભાર્થી પરિવાર માતુશ્રી લક્ષ્મીબેન નરશી દંડ પરિવાર હસ્તે માતુશ્રી જયાબેન લક્ષ્મીચંદ નરશી દંડ ભાંડુપ, અ.સૌ. કલ્પનાબેન શામજી નરશી દંડ મુલુંડ.

વિધિકાર શ્રધ્ધેય કેવલભાઈ વિશનજી સાવલા સંગીતકાર કિશોર સંઘાર એન્ડ પાર્ટીના સંગાથે.

# યુવા પ્રવચનકાર પ.પૂ.શ્રી ગુણવલ્લભસાગર મ.સા. દ્વારા વસઈ સંઘમાં મનનીય અઢાર પાપસ્થાનક પ્રવચન માળા

ગણિવર્ય શ્રી પ.પૂ.ઉદયરત્નસાગરજી મ.સા. ગણિવર્ય શ્રીધર્મરત્નસાગરજી મ.સા.ની પાવનકારી નિશ્રામાં વસઈ સંઘના આંગણે શ્રી વિમલનાથ દાદાના દરબારમાં પ્રવચનમાળા ઓજસ્વી યુવા પ્રવચનકાર પ.પૂ.શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.ના મુખેથી ૧૮ પાપ સ્થાનક શિર્ષક અંતર્ગત સવારે ૭.૩૦ થી ૮.૩૦ કલાકે ૧૯ દિવસની ગુરૂદેવની વસઈ સ્થિરતા દરમ્યાન રોજ ફરમાવશે. પ્રારંભિક દિવસનો ૧.૨૦ કલાકનો વીડિયો યુટ્યૂબ લીંક https://youtu.be/PipFv-9qNy0 પર માણી શકાશે.

તા.૧૮ જાન્યુઆરી મંગળવાર દિને આ પ્રવચન માળા શ્રેણીના મણકાના ત્રીજા દિવસે મૃશાવાદ (ખોટું) વિષયે અદ્‌ભૂત શૈલીથી પ્રવચન રજૂ કર્યું છે. ૧.૦૯ કલાકનો સદર વીડિયો યુટ્યૂબ લીંક https://youtu.be/mdCL5SgC1kA પર જોઈ માણી શકાશે. સંપર્ક ખુશાલભાઈ હરિયા-૯૩૨૬૩૪૦૦૫૯.

|| શ્રી ચક્રેશ્વરી માતાય નમઃ || || શ્રી ધૃતકલ્લોલ પાર્શ્વનાથાય નમઃ || || શ્રી મહાકાલી માતાય નમઃ ||

# શ્રી સુથરી જૈન સંઘ



|| નમો તિત્થસઃ ||

શ્રી સુથરી મહાતિર્થના ગાદિપતિ પરમ કૃપાળ શ્રી ધૃતકલ્લોલ પાર્શ્વનાથ જિનાલયની ૧૮૪મી ધ્વજા આરોહણ પ્રસંગે આપ સર્વેને નિમંત્રણ પાઠવતા, શ્રી સુથરી જૈન સંઘ આનંદ અનુભવે છે.

વિક્રમ સંવત ૨૦૭૮ વૈશાખ સુદ આઠમ તા. ૮ મે ૨૦૨૨ ના શુભદિને ધ્વજા રોહણ મહોત્સવે આપ સર્વે ગામવાસીઓ ભાઈઓ તથા બહેનો તથા નિયાણી બહેનો સહ પરિવાર તથા તિર્થના શુભેચ્છકો સર્વે પધારી પ્રસંગને વધાવવાનો સ્નેહભર્યો આગ્રહ સહ નિમંત્રણ.

આ ઉપરાંત તા.૯.૫.૨૦૨૨ વૈશાખ સુદ ૯ સોમવાર ના શુભ દિને આપણા સર્વેના પરમ શ્રદ્ધેય શ્રી ભલારા દાદાની દેવડીએ ૬ઠ્ઠી ધ્વજા આરોહણનો લાભ લેવા વિનંતી.

**મહોત્સવ નિમિત્તે**

**દિવ્ય કૃપા**

**પરમ પુજ્ય રાષ્ટ્રીય સંત અચલ ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રી ગુણસાગર સુરિશ્વરજી મ.સા.**
**પરમ પુજ્ય તપસ્વીરત્ન અચલ ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રી ગુણોદયસાગર સૂરિશ્વરજી મ.સા.**
**પરમ પુજ્ય જ્યોતિષ વિસારદ આચાર્ય ભગવંત શ્રી વિરભદ્રસાગરસૂરિશ્વરજી મ.સા.**

**મંગળ કૃપા**

૧. પરમ પૂજ્ય અચલ ગચ્છાધિપતિ રાજસ્થાન દિપક, આચાર્ય ભગવંત શ્રી કલાપ્રભસાગર સુરિશ્વરજી મ.સા.
૨. પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી કવિન્દ્રસાગર સુરિશ્વરજી મ.સા.
૩. પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી મહોદયસાગર સુરિશ્વરજી મ.સા.

**શુભ નિશ્રા દાતાઃ ગુરૂ ભગવંતો**

**શ્રી પરમ પૂજ્ય મુનિરાજ શ્રી મુક્તિરત્ન સાગરજી મ.સા.**
**શ્રી પરમ પૂજ્ય મુનિરાજ શ્રી આર્યરત્ન સાગરજી મ.સા.**
**શ્રી પરમ પૂજ્ય સાધ્વીવર્યા શ્રી મહાયશાશ્રીજી મ.સા.**

| તારીખ | તિથી | વાર | કાર્યક્રમ |
|---|---|---|---|
| ૬.૫.૨૦૨૨ | વૈશાખ સુદ છઠ્ઠ | શુક્રવાર | પાર્શ્વ પંચ કલ્યાણક પૂજા |
| ૭.૫.૨૦૨૨ | વૈશાખ સુદ સાતમ | શનિવાર | અઢાર-અભિષેક |
| ૮.૫.૨૦૨૨ | વૈશાખ સુદ આઠમ | રવિવાર | શ્રી સત્તર ભેદી પૂજા તથા ધ્વજારોહણ |

**પ્રસંગ અનુરૂપ લાભ**

તા. ૬.૫ ૨૦૨૨ તથા તા. ૭.૫.૨૦૨૨ ના રોજ નવકારશી, બપોર નું જમણ તથા સાંજ નો ચૌવિહાર નો સાધર્મિક ભક્તિ કરાવવાની લાભ લેવા વિનંતી.

તા. ૮.૫.૨૦૨૨ ધ્વજા રોહ્ણ ના દિવસે નવકારશી, બપોરનું જમણ તથા ચૌવિહાર શ્રી સંઘ તરફ થી કરવામાં આવશે જે આની ફોડના હિસાબે નોંધાવવા વિનંતી. ભાગ્યશાળી દાતાઓને લાભ લેવા વિનંતી. એક આની એટલે રૂ ૧૧૦૦/-

૧. પ્રસંગ વખતે હાજરી આપનારને વિનંતી કે તેઓ સંસ્થાની પેઢી પર જાણ કરે જેથી વ્યવસ્થા જળવાઈ રહે.

૨. જે ભાગ્યશાળીઓને નવકારશી, બપોરનું જમણ તથા ચૌવિહારનો લાભ લેવાની ઈચ્છા હોય અથવા તા. ૮.૫.૨૦૨ના પુરા દિવસના સંઘ જમણમાં આની ફોડ ના લાભ લેવાનું હોય તેમણે પોતાના નામ પેઢીમાં નોંધાવવા વિનંતી.

૩. મહોત્સવની ઉજવણી સરકારી નિયમોને આધીન રહેશે

૪. અન્ય જાહેરાત વખતો વખત જાણ કરવામાં આવશે.

લિ. શ્રી સુથરી જૈન સંઘ

# શ્રી ક.દ.ઓ. જૈન સમસ્ત મહાજનની બીટુબી કમિટીના સહયોગથી નવી પહેલ

કોરાનાના લાંબા કપરા કાળની અસર સૌના ધંધા, રોજગાર પર પડી છે. જેને લીધે અનેક પરિવારોને આર્થિક, સામાજિક અસરો થઈ છે. આ સમસ્યાને ધ્યાનમાં લઈને જ્ઞાતિમૈયા સમસ્ત મહાજનની બીટુબી કમિટીના સહયોગથી વ્યવાસિકોને નોકરી ખાલી છે એ જરૂરત પૂરી કરવા અને યોગ્ય ધરાવતા જ્ઞાતિજનોને નોકરી જોઈએ છે એ માટે તક મળી રહે એ માટે બીડું ઝડપી તક પૂરી પાડશે.

તો આ વિભાગનો લાભ મળી રહે એ માટે આપની જરૂરિયાતની વિગત મોકલશો જે આ વિભાગ અંતર્ગત લિંકમાં એટેચડ કરાશે.

**જેમની કંપનીમાં નોકરી ખાલી છે તે લોકો અહીં ક્લીક કરીને આ ફોર્મ ભરે**

**નોકરીની જરૂરિયાત વાળા વ્યક્તિ ક્લીક કરીને આ ફોર્મ ભરે**



# Life Journey of Manikant Momaya

Manikant Raichand Momaya is one of the oldest Engineer who is actively contributing to the Corporate India in all best possible ways sharing his knowledge and wisdom even today and is an inspiration to everyone who might and might not wish to work post-retirement.

**Manikant Raichand Momaya** is an acting Managing Director at Surat Textile Mills. What makes him worth a mention is, at the age of 89 years, he is still actively part of a Board of the Company.

Born in Kutchi Dassa Oswal (KDO) Community, Manikant bhai's mother has been his force in pursuing a good education even when she herself was not highly educated and also instilled high values in him since very early age. She was a widow and yet ensured that Manikant bhai got a good education. She continuously encouraged him and educated him to a B.Sc. in chemistry from the well-known St. Xavier's College of Mumbai. Further, he also went on to pursue a B.E in Mechanical & Electronics Engineering. With a very strong educational background, he started his career in Rayon Manufacturing, as a Maintenance Engineer. Rayon Manufacturing is a large company in Kalyan, Mumbai and he served here for five years.

The value of education was so deeply instilled in him by his mother and thus, to bring more credibility to his experience as well as attract better opportunities, he went on to study further during his working tenure at Rayon Manufacturing.

- He did a three-month course in management at IIM Ahmedabad.
- He also obtained an Associate Membership of the American Institute of Chemical Engineering.

Over a period, he was transferred to Surat with a promotion to Chief Engineer. His experience has been purely technical, and it was all grit and hard work all through these years.

In his next stint with Baroda Rayon, he got an opportunity to visit and stay in Japan for a year to get trained at Asaki Chemicals. He was entrusted with the responsibility of studying their machinery, so it could be commissioned here in India and installed.

He was instrumental in purchasing the machinery at the same time trained at operating it during his Japan stay. Back in India, he was in charge of the new plant, which was erected and commissioned under his leadership and responsibility. Further, he also went on to erect and commission Nylon, Nylon Terecot and Polyester plants.

Having gained international exposure, it brought a massive change in his working standards and perspective.

With moving high on the ladder, he continued his learning attitude high and he attended a couple of International technical expos every four years to study technology and machinery used worldwide as well as to gain international insights into the industry working. He also attended a lot of international trade seminars for information on new or reformed technology and advancements. Rightly said, Leadership and learning goes hand in hand.

Life was not easy. It was pure hard work that made him climb the hierarchical ladder across the different organisations he worked. His willingness to learn the latest and his easy disposition to work brought him not just a good experience, but tremendous exposure.

He retired at the age of 61 from Baroda Rayons. After a full-term operations job that was demanding time, effort, and urgency, he finally settled in Mumbai. That's when the Chairman of Garden Silks, a family friend and social acquaintance, came forth and offered him the opportunity to be an Advisor at Surat Textile Mills. Surat Textile Mills is the associate company of Garden Silks and was a sick unit around that time. The chairman and other management committees could not pay much attention to it or come over its boards as they were already in certain demanding roles. Manikant bhai was seen opportune for the role depending on his former experience. The only condition was, having settled in Mumbai, he would have to visit Surat on and off. Having settled on the frequency of travel, Manikant bhai happily accepted the role. Within two years, he was offered the role of the Managing Director at Surat Textile Mills.

Surat textile Mills needed technical improvisation and much attention to be staying afloat. Under the guidance and steering of Manikant bhai, Surat Textile Mills is still in operation.



Though always an fitness enthusiast, after retirement, he pursued his passion and started running marathons and he ran various marathons till the age of 84 and was regular runner of minimum 4 miles daily which is an achievement in itself! Humble and grounded Manikant Bhai is also an avid reader and has unique collection of books.

The Covid-19 lockdown turned the equation for a lot of business and operations. So did it affect the ways of working for Manikant bhai. At almost 88 years of age, life had suddenly come to a standstill for the world and him. The Surat visits stopped, and major operations halted at Surat Textile Mills.

With growing age on his side, Manikant bhai realised that although he is fit to travel, he would now officially want to move out of the big responsibility. He has conveyed his decision to retire finally to the management. He foresees March 2022 as his official retirement period.

To be able to work for more than 50 years of life is a very extraordinary thing and when Manikant bhai thinks about how he has been able to pull it off, he blesses his good health and perfect fitness. Being a runner all his life, he has been able to maintain his fitness despite the taxing work hours and pressure.

He believes in living in moderation. To be able to enjoy the best of life, you need to do everything in moderation, then even if it is a vice. He claims overdoing something is destruction. Moderation is his mantra in life.

Married for more than 70 years to Jayaben Momaya, his life partner has been a wonderful support all along. This may be the one of the longest married couple of the KDO Community.

He has kept himself busy even post lockdown till this day. He is already doing things to keep himself busy. He don't look his age, he don't feel his age and he don't act his age. To Manikant Bhai, age is just a number. Truly Inspiring!! His grandson, a Motion Picture Producer, is already keeping both Manikant bhai and Jayaben, busy in a couple of shoots.

**Being cheerful is one thing but, being cheerful at 89 is a virtue only someone special can hold. Manikant bhai has lived his life in his stride. He would still be working for Surat Textile Mills if he did not have an obligation to travel to Surat now and then. Which, he admits, now he can't.**

**But the sense of humour and easy disposition is his way to be, and that is what has blessed him with a good life. He says I am lucky, everything good happened to me. It is his modesty towards his struggles that makes him a very down to earth and approachable human. His hard work and his experience have been the reason he has been able to achieve so much in life, but he does not take any credit for it but says, luck played it all.**

**Manikant Raichand Momaya is one of the oldest Engineer who is actively contributing to the Corporate India in all best possible ways sharing his knowledge and wisdom even today and is an inspiration to everyone who might and might not wish to work post-retirement. With so much energy and wisdom on his side, all he has to say to the younger generation is to live moderately, to save for your future, to work hard as there is no substitution for it, and always maintain a work and life balance. Manikant Bhai's life is truly inspiring and his values of hard work, being active and keep contributing to others lives irrespective of your own challenges, age is a lesson which every Young Leader should Instil in himself/herself.**









# સાંધાણ તીર્થ ત્રિમૂર્તિ ગુરૂ મંદિરની પ્રતિષ્ઠા મહોત્સવ ભવ્યતાથી ઉજવાયો







અજોડ શાસન પ્રભાવક વર્ષીતપ આરાધક આચાર્ય ભગવંત પ.પૂ. શ્રી કવિન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા. આદિઠાણાની પાવન નિશ્રામાં કચ્છ પ્રાંતના અબડાસા વિભાગના સાંધાણ તીર્થે ત્રિમૂર્તિ ગુરૂ મંદિરની પ્રતિષ્ઠા મહોત્સવ ભવ્યતાથી અને ઉત્સાહ ઉમંગ ભાવથી ઉજવાયો.

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**લક્ષ્મીબાઈ ખોના**
તા.૧૬ જાન્યુ. (ઉ.૮૫)
સાંયરા-જલગામ



**લક્ષ્મીચંદ લોડાયા**
તા.૧૭ જાન્યુ. (ઉ.૭૪)
આરિખાણા-આરિખાણા



**રમીલાબેન મુનવર**
તા.૧૮ જાન્યુ. (ઉ.૭૮)
રંગપુર-મુલુંડ



**લાલજી લોડાયા**
તા.૧૮ જાન્યુ. (ઉ.૮૦)
વારાપધ્ધર-ડોંબિવલી



**હરીશ દંડ**
તા.૧૮ જાન્યુ. (ઉ.૭૧)
લાલા-ભાંડુપ



**જયચંદ મોમાયા**
તા.૧૯ જાન્યુ. (ઉ.૫૮)
વરાડીયા-ઘાટકોપર



**હીરાવંતી દંડ**
તા.૧૯ જાન્યુ.
લાલા-કાંકરોલી



**ધીરેન લોડાયા**
તા.૨૦ જાન્યુ. (ઉ.૬૩)
કોઠારા-નાસિક



**રમેશ લાપસીયા**
તા.૨૧ જાન્યુ. (ઉ.૬૫)
સાંયરા-હુબલી



**યોગેશ દંડ**
તા.૨૧ જાન્યુ. (ઉ.૫૯)
સેવક ભરૂડીયા-ડોંબિવલી

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂણી'

● બાગાયતી પેદાશોને પ્રાધાન્ય આપતા પશ્ચિમ કચ્છના ખેડૂતોને ખેતી માફક આવી રહી છે. ફળોનો રાજા કેસર કેરી, દાડમ, કમલમ, સફરજન પછી હવે આયુર્વેદિક ઔષધિ કૃષ્ણ ફળના વાવેતરનો સફળ પ્રયોગ નખત્રાણા તાલુકાના દેશલપર ગામના ખેડૂત એ કર્યો છે. કૃષ્ણ ફળની ખેતી માટે નાગર વેલના પાનની જેમ માંડવો બનાવવો પડે છે. ફળની વેલ થાંભલા પર ચડી જાય છે અને માંડવા ઉપર વેલ પથરાઈ જાય છે અને તેમાં ફળ લાગે છે. આયુર્વેદિક ફળની માર્કેટિંગ થાઈલેન્ડ જેવા દેશોમાં કરવી પડે છે. કૃષ્ણ ફળનો પ્રતિ કિલો ભાવ રૂ.૧૫૦૦ થી ઉપર છે.

● વિશ્વ વિકલાંગ દિવસ નિમિત્તે માંડવી ખાતે અંધ અપંગ માનવ કલ્યાણ સોસાયટીના ઉપક્રમે આદિ કચ્છ વિકલાંગ રમતોત્સવનું આયોજન કરાયું હતું. જેમાં ૨૫૦ દિવ્યાંગજનો એ પોતાનું કૌવત દાખવ્યું હતું. પ્રજ્ઞાચક્ષુઓ માટે ક્રિકેટ મેચ તેમજ ૧૦૦ મીટર દોડ, ગોળા ફેંક, ચક્ર ફેંક, સંગીત ખુરશી, લીંબુ ચમચા દોડ વગેરે રમતો અને સંગીત ગાયન વિગેરે યોજાયા હતા. તમામ સ્પર્ધાના વિજેતાઓને ઈનામોથી નવાજમાં આવ્યા હતા. સ્વામિનારાયણ સંસ્કારધામના વિદ્યાર્થીઓ સ્વયંસેવક તરીકે સેવા આપી છે.

● વાગડ પ્રદેશનું ગેડી મહાભારત કાળમાં પાંડવોને ગુપ્તવાસ દરમ્યાન આર્શીવાદ બન્યું. તે ગામ આજે તેની મહાનતાની પરંપરાને જાળવી અન્યો માટે પ્રેરક કામગીરી કરી રહ્યું છે. દર અગિયારસ પક્ષીઓ માટે ચણ એકઠું કરવા પ્રભાત ફેરી ગામની ગલીઓમાં નીકળી પડે છે. ૧૫ જેટલા યુવાનોની રેલી શેરી શેરીએ રામધૂન બોલાવતા હાથમાં કરતાલ વગાડતા નીકળી ગ્રામજનોને જાગૃતિ કરે અને અનાજ એકઠું કરવા હાથમાં ગુણી રાખે. આ અગિયારસે ૧૧૦૦ કિલો ચણ ભેગું થયું.

● છતીસગઢની રાજધાની રાયપુરમાં મૂળ ભુજ તાલુકાના રેહા ગામના ઔદિચ્ય બ્રાહ્મણ પરિવારના હરીશભાઈ જેઠાલાલ જોષીનો વિલાસપુર માર્ગે પેટ્રોલ પંપ આવેલ છે. આ પંપની વિશિષ્ટતા છે કે તેમાંથી રળતો નફો સેનાના શહીદ જવાનોના પરિવારજનોની સહાય માટે સમર્પિત કરી દેવામાં આવે છે. સમગ્ર પેટ્રોલ પંપને દેશભક્તિની તસવીરો, સૂત્રો અને દિલ્હી સ્થિત અમર જવાન જ્યોત જેવી એક જ્યોતનું શહીદ સ્મારક ઊભું કરવામાં આવ્યું છે. અમર જવાન ફ્યુલ પેટ્રોલ પંપ નામાભિધાન કરી માત્ર એક સમયનું ભોજન, ગરમ કપડા છોડવા અને પગરખાનો ત્યાગ તેમણે નિયમ લીધો છે. પેટ્રોલ ભરાવવા આવતા સૌને મફત ચા-પાણી અને આરામ માટે રૂમની વ્યવસ્થા રાખી છે. બે પેટ્રોલ પંપના આ કચ્છી માલિક એ ગૌશાળા અને ગુરૂકુલ પણ શરૂ કર્યા છે.

● પુર, સુનામી, વાવાઝોડા સહિતની કુદરતી આપતી સમયે લોકોને સ્થળાંતર કરી શકાય તેવું આશ્રય સ્થાન એટલી મલ્ટી પર્પસ સાયક્લોન સેન્ટર જેમાં મેડિકલ, ફૂડ, સેનેટિનેશન યાંત્રિક ઓજાર સંદેશા વ્યવહાર સહિત તમામ વ્યવસ્થા હોય એવા જિલ્લામાં ચાર સેન્ટરોની ફાળવણી કરાઈ. જેમાં બે ગાંધીધામ તથા બે માંડવી તાલુકા મસ્કા તથા માંડવી નજીક કાઠડા સીમાડામાં કુલ્લ સાત કરોડ અડસઠ લાખના ખર્ચે બે સેન્ટરોનું કામ ધીમી ગતિએ ચાલુ છે. એક વર્ષમાં પૂર્ણ કરવાની મુદતને આજે ત્રણ વર્ષ થયા છતાં હજી કામ પૂર્ણ થયું નથી.

● કચ્છ-મોરબી ને જોડતા રાષ્ટ્રીય ધોરી માર્ગ છ માર્ગીય બનાવવાની માંગ કચ્છના સાંસદ વિનોદભાઈ ચાવડાએ કેન્દ્રીય સડક પરિવહન મંત્રી નીતિન ગડકરીને મળીને કરી હતી. નેશનલ હાઈવે નંબર ૨૮ કચ્છ સાથે સંપર્ક આવન જાવન માટે એકમાત્ર સૂરજ બારી પુલ છે. જેથી બીજો વિકલ્પ તૈયાર કરવાની પણ માંગ કરી હતી.


Sure Safety
Complete Safety Solutions
ONE STOP SAFETY SOLUTION PROVIDER
ALL INDIA DEALERS WANTED
Drive your growth with India's biggest PPE brand SAVIOUR
Freedom Helmet
Saviour Electric Arc Suit
Saviour Safety Harness
Saviour Foldable Ear Muffs
Di-electric Boots
Saviour Work-wear Cotton Coverall
Saviour Safety Glasses
Flash Lights
Saviour 'PRO' BA Set with Composite Cylinder
Saviour Chem Pro Gloves
N95 Mask
Saviour Lion Safety Shoes
We manufacture India's biggest & most trusted PPE brand SAVIOUR
Reliable | Transparent | Assured Guarantee
SAVIOUR
Performing PPE
Contact: + 91 8511495152 | sales@suresafety.com | www.suresafety.com


DON'T
Compromise!
Portability Benefits Available
"HEALTH INSURANCE"
COMPARE, SCRUTINIZE & DECIDE
Karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA